## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ખબર છે ને...! મોદીજી એ સમાન કાયદાની તરફેણ કરી છે... આજથી હુ રસોઇ બનાવીશ વાસણ તમારે કરવાના...!!**

# ચાતુર્માસ એટલે ભક્તિ અને ઉલ્લાસનો સમન્વય છે : ભૂપેન્દ્ર પટેલ

**ગાંધીનગર જૈન સંઘ દ્વારા આયોજિત : અભય અમૃત ચાતુર્માસ પ્રવેશ પ્રસંગમાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા**







ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર જૈન સંઘ દ્વારા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથદાદાના જિનાલય સંકુલ, સેકટર-૨૨ ખાતે પ.પૂ ગચ્છાધિપતિ આ.ભ. વિજય અભયદેવસૂરીશ્વરજી મહારાજ અને પ. પૂ.આ.ભ વિજય મોક્ષર ત્નસૂરીશ્વરજી મહારાજ શ્રમણ શ્રમણી આદિઠાણા- ૬૧નો અભય અમૃત ચાતુર્માસ પ્રવેશ પ્રસંગમાં મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીના હસ્તે શોભાયાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી.

આ પ્રસંગે ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મહારાજ સાહેબના આર્શીવાદ મેળવી રાજયના મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ચાતુમાર્સ એટલે ભક્તિ અને ઉલ્લાસનો સમન્વય છે.

ચાતુમાર્સ દરમ્યાન પ્રકૃતિ વરસાદથી ભીંજાય છે. આપણે સૌ ગુરૂજનોના આશિર્વચનો થકી જ્ઞાનમાં ભીંજાવાનો અવસર મળે છે. ગુરૂજનોના પ્રવચનો દ્વારા માનસિક નવજીવન મળે છે. મહારાજ સાહેબ સરળ હદયી અને સંપ, એકતા અને સંગઠન થકી ધર્મકાર્યો કરી રહ્યાં છે, તેમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, સાધન સંપન્ન લોકો પણ સર્વે ભૌતિક સુખોનો ત્યાગ કરીને દિક્ષા ગ્રહણ કરે છે, તે વાત આપણા સૌ માટે પ્રેરણારૂપ છે કે જીવનનું સાચું સુખ તો મહારાજ સાહેબ જેવા વંદનીય સાધુ – સંતો પાસે છે. શોભાયાત્રામાં ગૃહ મંત્રી હર્ષ સંઘવી સહિત મહાનુભાવો અને સમાજના અગ્રણીઓ અને બંધુઓ જોડાયા હતા. આ પ્રસંગે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ સહિત જૈન સમાજના અગ્રણીઓ અને સમાજના બંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં સવારે હળવા વરસાદી ઝાપટાઓ પછી વરસાદે વિરામ લેતાં નગરજનોએ હાશકારો અનુભવ્યો હતો.

● આજે મોટી એકાદશી હોવાથી ફરાળી વાનગીઓ ખરીદવા ગ્રાહકોની ભીડ વિવિધ મીઠાઈની દુકાનોમાં જોવા મળી હતી.

● ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા નવમુ જીવનસાથી પસંદગી મેળો ૧૭-૯-૨૩ના રોજ યોજવાની તૈયારીઓ હાથ ધરાઈ છે.

● ચાર્તુમાસનો આજથી પ્રારંભ થતાં દેવાલયો-શિવાલયોમાં ભક્તોની ભીડ સવારે જોવા મળી હતી.

● કમિશન ફોર એગ્રીકલ્ચરલ કોસ્ટ એન્ડ પ્રાઈઝીંગની વેસ્ટર્ન રિજીયોનની બેઠક ગાંધીનગરમાં ૭મી જુલાઈના રોજ મળશે.

● દહેગામ ખાતે ૩૦મીએ કોંગ્રેસનો જનમંચનો કાર્યક્રમ પ્રદેશ નેતાઓની હાજરીમાં યોજાશે.

● ગઈકાલે વરસાદની તોફાની બેટીંગને પગલે સે. ૧૩, ૧૪ની સ્થિતિ થઈ હતી તેથી આ સેક્ટરોના રહીશોમાં રોષની લાગણી પ્રસરી છે.

● કલોલમાં ૧૦ હજારની કિંમતનો ઈલેકટ્રીક વાયર ચોરાયાની ફરિયાદ નોંધાઈ છે.

● ગાંધીનગર એલસીબીએ બોરીજ ગામમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડ્યો.

● દહેગામ તાલુકામાં ભાજપ બક્ષીપંચના રથને આજે ધારાસભ્ય બલરાજસિંહે પ્રસ્થાન કરાયુ છે.

● દહેગામની ઉભરાતી ગટરલાઈનોમાંથી ગોદડા અને પત્થરો નીકળતાં લોકજીભે તરેહતરેહની વાતો સાંભળવા મળી રહી છે.

● કલોલના ધમાસણા ગામના યુવાનને પત્ની અને સાળાએ માર મારી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

● ભાટ ગામ નજીક પાર્ક કરેલી ગાડીના કાચ તોડી ૩૧ હજારના સામાનની ચોરીની ફરિયાદ નોંધાઈ છે.

● પેથાપુર પોલીસે રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી લીધો.

● ગાંધીનગર શહેરમાં ખાડા વધતાં કાદવ-કીચડની સમસ્યા વધી જવા પામી છે.

● ખાડાઓમાં ભરાઈ રહેલા પાણીને લઈ મચ્છરોનો ઉપદ્રવ વધવાનો ભય નગરજનોને સતાવી રહ્યો છે.

● શહેરમાં આજે બકરી ઈદનું પર્વ ધામધૂમથી ઉજવાયુ હતુ.

# મગોડી ગામે હોટલની પાછળ લઘુશંકા કરવા ગયેલા યુવક પર હિંસક હુમલો

મગોડી ગામની સીમમાં આવેલી હોટલ પાછળ ટોઈલેટમાં યુવક લઘુશંકા કરવા માટે ગયો હતો. ત્યારે હોટલની પાછળ રહેતા ઠાકોર પરિવારને તેમના ઘરની સામે યુવકે લઘુશંકા કરી હોવાનું લાગતા માથાકુટ થઈ હતી. જેમાં ઠાકોર પરિવારે હુમલો કરી યુવકને તલવારની અણી પેટના ભાગે દબાવી દેતા પેટનું આંતરડુ બહાર આવી ગયું હતું. જયારે હોટલ પરથી દોડીને ગયેલા નાગરીકોએ ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયારે સમગ્ર મામલે ચિલોડા પોલીસે ચાર શખ્સો સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ મગોડી ગામમાં રહેતા મહેશસિંહ બેચજી બિહોલા ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના પરિવારમાં માતા-પિતા અને ત્રણ ભાઈ બહેન છે. ગતરોજ બુધવારની સાંજે મહેશસિંહ તેના મિત્ર કુલદિપસિંહ વાઘેલા સાથે ભાગ્યોદય હોટલની પાછળ આવેલા હોટલના ટોઈલેટમાં લઘુશંકા કરવા ગયો હતો. ત્યારબાદ બંને મિત્રો વાતો કરવા લાગ્યા હતા. તે સમયે હોટલની પાછળ રહેતા જગાજી લક્ષ્મણજી ઠાકોરને લાગ્યું કે બંન્ને જણાએ તેમના ઘર સામે પેશાબ કર્યો છે. જેથી દારૂના નશામાં ધુત જગાજી ઠાકોર તેમની સાથે માથાકુટ કરવા લાગ્યા હતા.જેથી બંન્નેએ સવારે વાત કરવાનું કહેતા જગાજી ઘરે જતા રહ્યા હતા.ત્યારબાદ થોડીવાર પછી જગાજી ઘર પાસે ઉભો કરી ગાળો બોલી રહ્યો હતો. આથી મહેશે ઘરે જઈને ગાળો નહી બોલવા માટે લક્ષ્મણજી સાથે વાત કરી રહ્યો હતો. તે સમયે જગાજી લક્ષ્મણ ઠાકોર ઘરમાંથી તલવાર લઈને આવ્યો હતો. જયારે તેનો પિતરાઈ ભાઈ રામાજી મઈજી ઠાકોર ઘરમાંથી ધોકો લઈને આવ્યો હતો. બંન્ને જણા મહેશને માર મારવા લાગ્યા હતા. જેથી મહેશ નીચે પડી જતા લક્ષ્મણજી ઠાકોર તેમજ રામાજી મઈજીજી ઠાકોર તેમજ મઈજી ઠાકોરે પકડી રાખી તેને દબાવી દીધો હતો. તે સમયે જગાજી ઠાકોરે તલવારની અણી મહેશના પેટની ડાબી બાજુએ મુકી જોરથી દબાવી દીધી હતી. જેને કારણે મહેશના પેટનું આંતરડુ બહાર આવી ગયું હતું. જેથી હોટલ પરથી અને આસપાસના નાગરીકો દોડી આવતા ઠાકોર પરિવારના સભ્યો નાસી ગયા હતા. જયારે મહેશને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જિલ્લા પંચાયત દ્વારા વિશ્વ વસ્તી દિવસ ઉજવાશે

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા વસ્તી સ્થિતરતા લાવવાની જાગૃત્તિ આપવા માટે ૧૬૪૬ પ્રવૃત્તિઓનું આયોજન આ વર્ષે વિશ્વ વસ્તી દિવસની ઉજવણીનું સૂત્ર આઝાદીના અમૃત મહોત્સવમાં અમે આ સંકલ્પ લઈશું કુટુંબ નિયોજનને સુખનો વિકલ્પ બનાવીશુ આ ઉજવણી બે તબક્કામાં ઉજવવામાં આવશે વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે તા. ૨૭ જુન થી ૧૦ જુલાઈ દરમ્યાન દંપતિ સંપર્ક પખવાડિયા તરીકે ઉજવણી અને તા-૧૧ થી ૨૪મી જુલાઈ દરમ્યાન જન સંખ્યા સ્થિરતા પખવાડિયા તરીકે ઉજવાશે તા. ૧૧ જુલાઈના દિવસને વિશ્વ વસ્તી દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે વસ્તી સ્થિરતા લાવવા અને સામાન્ય જનતામાં જાગૃત્તિ લાવવા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના ભાગરૂપે કુલ-૧૬૪૬ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લઘુશિબીર, ગુરૂ શિબીર, સાસુ સંમેલન, નવ દંપતિ શિબીર, પપેટ શો, શેરી નાટક અને આશા સંમેલન કરવામાં આવી રહ્યા છે, તેવું જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમે જણાવ્યું છે. આ સમગ્ર કાર્યક્રમનું સુચારું આયોજન જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ. એ.જે. વૈષ્ણવ અને અધિક મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ગૌત્તમ નાયક ના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.


# ૩૦ જૂને નિવૃત્ત થયેલા કર્મચારીઓને એક ઈજાફાનો લાભ આપવા પુનઃ રજૂઆત

ગાંધીનગર, તા. ૨૮


૩૦ જૂનના રોજ નિવૃત્ત થયેલા સરકારી અધિકારીઓ-કર્મચારીઓને પહેલી જુલાઈનો ઈજાફો ઉમેરીને નિવૃત્તિના તમામ લાભો આપવા વારંવાર રજૂઆત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ બાબતે નિર્ણય લેવાયો નથી. ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ આ બાબતે પુનઃ રજૂઆત કરી છે કે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના તા. ૨૦-૫-૨૦૨૩ના પત્રથી જરૂરી તમામ પુરાવા તમામ પ્રકારના ડોક્યુમેન્ટ દસ્તાવેજો તેમજ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨-૮-૨૦૧૪ની જોગવાઈ તેમજ સુપ્રિમ કોર્ટના તા. ૮-૫-૨૦૨૩ના ચુકાદાને આધારે તા. ૩૦ જૂનના રોજ નિવૃત્ત થયેલ સરકારી અધિકારીઓ/કર્મચારીઓને પહેલી જુલાઈનો ઈજાફો ઉમેરીને નિવૃત્તિના તમામ લાભો આપવા બાબતે વારંવાર ગુજરાત સરકારશ્રીનું ધ્યાન દોરીને સત્વરે હુકમો કરાવવા વિનંતી કરવામાં આવી છે. તેમ છતાં આજ દિન સુધી સરકારશ્રી કક્ષાએથી કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી. તેથી અધિકારીઓ/કર્મચારીઓમાં ઘણો જ અસંતોષ વ્યાપેલ છે. આથી આ બાબતે સત્વરે સરકારશ્રી કક્ષાએથી હકારાત્મક નિર્ણય લઈ નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૮-૫-૨૦૨૩ના ચૂકાદાને આધારે તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨-૮-૨૦૧૪ના પરિપત્રમાં જણાવ્યા મુજબ નામદાર અદાલતો દ્વારા એક કેસમાં આવેલ ચૂકાદાનો અમલ અન્ય સરખા પ્રકારના કેસોમાં કરવા બાબતે સ્પષ્ટ જણાવેલ હોવા છતાં નિર્ણય ન લેવાય તે ઘણું જ દુઃખદ બાબત ગણી શકાય છે.

૩૦ જૂનના રોજ નિવૃત્ત થયેલ સરકારી અધિકારીઓ/કર્મચારીઓને ૧લી જુલાઈનો ઈજાફો ઉમેરીને નિવૃત્તિના તમામ લાભો આપવા બાબતે ગાંધીનગર શહેરના લોકલાડીલા ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કે. પટેલના તા. ૧૦-૫-૨૦૨૩ના પત્રથી હકારાત્મક અભિગમ દર્શાવી સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવી છે.

# સે-૬ અને ધોળાકુવા ખાતે મીટરમાં આગ ભભુકી ઉઠી







ગાંધીનગર,તા.૨૯

શહેરના સેકટર-૬ ખાતે પ્રમુખ કાઠીયાવાડી ભોજનાલય સ્થિત કોમ્પ્લેક્ષના મીટરબોક્ષમાં ગતરોજ રાત્રીના સમયે અચાનક આગ ભભુકી ઉઠી હતી. જો કે આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. બનાવની જાણ ફાયર બ્રિગ્રેડને કરતા સબ ફાયર ઓફિસર ગૌતમ પટેલ તેમની ટીમ સાથે દોડી પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે આગમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. જયારે બીજા બનાવ ધોળાકુવા ગામ ખાતે દશામા ના મંદિર નજીક રહેણાંક મકાનના ઘરના મીટરબોક્ષમાં આગ લાગી હતી. આગને પગલે સ્થાનિક નાગરીકો ભયભીત બન્યા હતા.જયારે ફાયર ટીમને જાણ કરતા સબ ફાયર ઓફિસર રાજેશ પટેલ તેમની ટીમ સાથે પહોંચી જઈ આગ પર કાબુ મેળવી લેતા સ્થાનિક નાગરીકોએ રાહતનો દમ લીધો હતો. એક જ રાતમાં આગના બે બનાવને પગલે ફાયર ટીમ દોડાદોડી કરતી નજરે પડી હતી.

# હોટલમાં જમવા ગયેલ દંપતીની કારનો કાચ તોડી લેપટોપની ચોરી



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના ભાટ પાસે એકસપીરીયા બિલ્ડીંગમાં આવેલી હોટલમાં જમવા માટે ગયેલા ખાનગી સિક્યુરીટી કંપનીના મેનેજરની ગાડીનો કાચ તોડી અંદરથી લેપટોપ સહિત રૂ.૩૧,૬૦૦નો સામાન ચોરીને અજાણ્યો શખ્સ ફરાર થઈ જતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ અમદાવાદના વસ્ત્રાલ સુર્યમ એલીગન્સ સોસાયટીમાં રહેતા હાર્દિક પંકજ પટેલ ખાનગી સિક્યુરીટી કંપનીમાં સિનિયર મેનેજર તરીકે પેરેગ્રીન ગાર્ડીંગ આનંદ મંગળ-૩ આંબાવાડી અમદાવાદ ખાતે ફરજ બજાવે છે. ગતતા.૨૩ ના રોજ સાંજના હાર્દિક નોકરી પરથી છુટીને મીઠાખળી એચડી એફસી બેંકમાં નોકરી કરતા પત્ની નિકીતાબેન લેવા માટે ગયા હતા.

ત્યાંથી બંને જણા ગાડી લઈને ભાટ એકસપીરીયા બિલ્ડીંગમાં હોટલ હાઉસ ઓફ મકેબા ખાતે જમવા માટે ગયો હતો. તે સમયે ગાડી હોટલ સામે સર્વિસ માર્ગ પર દરવાજા કાચ લોક પણ કર્યા હતા. બાદમાં જમીને દંપતી રાત્રીના આશરે સવા નવ વાગે ગાડી પાસે ગયા હતા. ત્યારે ગાડીનો દરવાજો ખોલવા જતા જમણી બાજુ ડ્રાઈવરની પાછળની સાઈડનો દરવાજાનો કાચ તુટેલી હાલતમાં જોઈ ચોંકી ગયા હતા.

જયારે કારમાં રહેલી કાળી કલરની બેગ પણ હતી. જેમાં એસાર કંપનીનુ લેપટોપ, ચાર્જર, ત્રણ નંગ માઉસ, તેમજ આધારકાર્ડ, પાનકાર્ડ, કોટક બેંકનુ ડેબીટકાર્ડ, એચડીએપસી બેંકના બે ડેબીટકાર્ડ ઘરની ચાવી તેમજ એકસેસની ચાવી મળી રૂ.૩૧ હજારથી વધુની રકમની ચીજવસ્તુઓ ચોરી થઈ ગઈ હતી. જેથી બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

# ગીફટ સીટી સ્થિત કંપનીના બે કર્મચારીએ ૧૦ કરોડનું ફુલેકુ ફેરવ્યું

**ઓફિસના બુકીંગ અને પાર્કિંગના પૈસા કંપનીમાં જમા નહી કરાવતા ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર ગીફટસીટી વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ઓફિસોના બુકીંગ અને પાર્કિંગના રૂપીયા કંપનીમાં જમા નહી કરાવી રૂ.૧૦ કરોડ થી વધુની રકમ પૂર્વ પ્રોજેકટ હેડ અને પૂર્વ સિનિયર મેનેજર ચાઉં કરી જતા વિશ્વાસ ઘાત અને છેતરપિંડીની ફરીયાદ ડભોડા પોલીસ મથકે નોંધાઈ છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત ન્યું દિલ્હી રહે.૭ સાઉથન એવન્યુ ખાતે રહેતા આશિષભાઈ અનિલભાઈ ભલ્લા ની વર્લ્ડ ટ્રેડ સેન્ટર નોઈડા ડેવલોપમેન્ટ પ્રા.લિ.કંપની છે. કંપનીની મુખ્ય ઓફિસ દિલ્હી ખાતે આવેલી છે. જયારે કંપનીની એક બ્રાન્ચ વર્લ્ડ ટ્રેડ સેન્ટર (બ્લોક નં.૫૧, રોડ નં.-૫, ઝોન-૫૫ ઈ),ગાંધીનગર આવેલી છે. ત્યાં બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનું કામ ચાલે છે.ગાંધીનગર ગીફટસીટી ખાતે વર્ષ ૨૦૧૫ માં વર્લ્ડ ટ્રેડ સેન્ટર કંપનીનો પ્રોજેકટ શરુ કરવામાં આવ્યો હતો. કંપનીનું કામ કોમર્શિયલ ઓફિસનું બાંધકામ કરી વેચાણ કરવાનું છે. ગીફટસીટી ખાતે કંપનીમાં હાલ ૧૨ કર્મચારીઓ ફરજ બજાવે છે, તે પહેલા ૧૫ કર્મચારીઓ હતા.કંપનીની ગીફટસીટી ખાતેના પ્રોજેકટમાં કમલેશ ત્રિવેદી વાઈસ પ્રેસીડેન્ટ અને પ્રોજેકટ હેડ તરીકે કામ કરતા હતા. જયારે તેમની ટીમમાં નિમેશ મેનન (આસીસ્ટન્ટ વાઈસ પ્રેસીડેન્ટ) તેમજ શ્રેણીક જોશી (સિનિયર મેનેજર) તેમજ અન્ય દશ કર્મચારીઓ ફરજ બજાવતા હતા.

ગત જાન્યુઆરી થી માર્ચ -૨૦૨૩ દરમિયાન કમલેશ ત્રિવેદી અને ટીમના બે અધિકારી નિમેશ મેનન તેમજ શ્રેણીક જોશી અલગ અલગ કારણો જેવા કે મેડીકલ ટ્રીટમેન્ટ તેમજ કામ ન કરવા અંગેની છટકબારીઓ શોધી રાજીનામા આપી દીધા હતા. જેમાં કમલેશ ત્રિવેદીએ તા.૩૧-૩-૨૩, નિમેશ મેનન તા.૩૧-૧-૨૩, અને શ્રેણીક જોશીને તા.૧૫-૪-૨૩ ના રોજ કંપનીમાંથી છુટા કરવામાં આવ્યા છે. જેથી કંપનીએ અન્ય કર્મચારીઓની ભરતી કરી હતી તે ઉપરાંત દિલ્હી ઓફિસથી કર્મચારીઓ બોલાવ્યા હતા. તેઓએ પ્રોજેકટ પર કામ કરવાનું શરુ કરતા જાન્યુઆરી થી માર્ચ -૨૦૨૩ સુધીના બુકીંગ ચેક કરતા કંપનીને જાણ થઈ કે જે બુકીંગ થયું છે. તેમા પાર્કિંગના રૂપીયામાં ગોટાળો થયો હોવાનું ધ્યાને આવ્યું હતું. જેથી કર્મચારીઓએ જરુરી ડેટા ચેક કરી દિલ્હી ઓફિસથી આ ડેટાની પ્રિન્ટો કાઢી કંપનીના સિનિયર મેનેજર રાજેશ માંડવીયાને જાણ કરી હતી. જેથી તેઓએ વેરીફાય કરી કંપનીના માલિકને જાણ કરી હતી. જેથી તમામ ડેટા અને વિગતો તપાસ કરતા ફરીયાદીને પણ ખાત્રી થઈ હતી કે કંપનીના કોમર્શિયલ ઓફિસના પાર્કિંગના વસુલાતા રૂપીયામાં કંઈક ગડબડ કરી છે. જેથી કંપનીની ગીફટસીટી સ્થિત ટાવર સી-૨૦૧ માં કાર પાર્કિંગના રૂ.૭ લાખ, યુનિટ નં-૨૦૨ ના રૂ.૭ લાખ, યુનિટ ૨૦૩ ના રૂ.૭ લાખ, યુનિટ ૨૦૪ ના રૂ.૩.૫૦ લાખ, યુનિટ ૨૦૬ ના રૂ.૧૦ લાખ ૫૦ હજાર, તેમજ શોપ નં.૯ માં રૂ.૩.૫૦ લાખ, મળી કુલ રૂ.૩૮.૫૦ લાખ લીધા હતા. જયારે ટાવર એ ની દુકાન નં.૧૫, ટાવર ડી ની દુકાન નં-૨, ટાવર એ ના યુનિટ બી-૨૦૨, ટાવર એ ની દુકાન નં.૦૩, ટાવર ડી ની દુકાન નં.-૧૫, ટાવર એ ના યુનિટ-૫૦૨, તેમજ બી-૫૦૨, તેમજ ૫૦૧ બી, સહિત તમામ દુકાન અને યુનિટના રૂ.૩.૫૦ લેખે કુલ રૂ.૩૫ લાખ મળી કુલ રૂ.૭૩,૫૦ લાખ ગ્રાહકો પાસેથી મેળવી લીધા હતા. જયારે કંપનીમાં ફરજ બજાવતા સિનિયર મેનેજર શ્રેણીક જોશીએ કાર પાર્કિંગના પૈસા અંગે કંપનીમાં મેઈલ કરી ગ્રાહકોને કાર પાર્કિંગના પૈસા એકાઉન્ટમાં બુકમાં માફ કરી આપ્યા છે તે અંગે એપ્રુવલ લીધી હતી. જયારે કંપનીમાં બુકીંગ કરાવેલી ઓફિસો પૈકી ખરીદનારાઓ આવી નવા કર્મચારીઓને પોતાના પાર્કિંગ તેમજ ઓફિસ પેટે જમા કરાવેલા રૂપીયા અંગે પુછપરછ કરતા હતા. જેથી વર્લ્ડ ટ્રેડ સેન્ટરના કર્મચારીઓએ તે દિશામાં તપાસ કરતા જાણવા મળ્યું કે અમદાવાદ ચાંદખેડા ન્યુ સીજી રોડ ખાતે એકઝોટીકા એ-૨૦૧ ખાતે રહેતા કમલેશ ઉર્મિલાબેન ત્રિવેદી અને ત્રાગડ ગામની બાજુમાં મારૂતિ-૭ રેસીડેન્સી ખાતે રહેતા શ્રેણીક હરીશકુમાર જોશીએ ઓફિસના બુકીંગ અને ટાવરમાં પાર્કિંગ માટે આપેલા રૂપીયા કંપનીમાં જમા નહી કરાવી રૂ.૧૦, ૩૭, ૧૩, ૧૨૨ નું ફુલેકુ ફેરવ્યું છે. વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં ફરજ બજાવતા બે પૂર્વ કર્મચારીઓએ પાર્કિંગના રૂ.૭૩. ૫૦ લાખ અને ઓફિસ બુકીંગના ૯ કરોડ ૬૩ લાખ મળી કુલ રૂ.૧૦ કરોડથી વધુ રૂપીયા કંપનીમાં જમા ન કરાવી ચાઉં કરી જતા ડભોડા પોલીસ મથકે છેતરપિંડીની ફરીયાદ નોંધાઈ છે. જયારે છેતરપિંડીનો આંકડો વધે તેવી પણ શક્યતાઓ છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧